# એમ થવાશે ન્યાલ...

એમ થવાશે ન્યાલ...
થોડામાંથી થોડું સૌને યાર, વ્હેંચતો ચાલ...
એમ થવાશે ન્યાલ...

"મારું-તારું" ની મૂકી દે સાવ બધી મોકાણ
મજિયારી છે સઘળી મિલ્કત, સત્ય એટલું જાણ !
ખુદની ચિંતા જેમ હૃદયમાં રાખ બીજાનો ખ્યાલ !
એમ થવાશે ન્યાલ...

કોઇનો રાજીપો દેખીને, રાજી ખુદને રાખ,
ઇર્ષ્યાના અક્ષર મનમાંથી જલદી ભૂંસી નાખ
ક્યાંય ન ઊગે નફરત, તું બસ, વાવ એકલું વ્હાલ !
એમ થવાશે ન્યાલ...

**કવિ: શ્રી કિરીટભાઇ ગોસ્વામી**

# શ્રી શાલીભદ્રની સજ્ઝાય

( રાગ – હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં )

બોલો બોલો રે શાલીભદ્ર દો વરીયા,
દો વરીયા દો ચાર વરીયા. ૧

માય તુમારી ખડીય પૂકારે,
વહુઅર સબ આગે ખડીયા. ૨

પોઢ્યો પુત્ર શિલા પર પેખી,
આંખે આંસુ ઝળહળીયા. ૩

ફૂલની શય્યા જેહને ખૂંચતી,
તેણે સંથારો શીલા કરીયા. ૪

પૂરવ ભવ માડી આહિરણી,
આહાર કરી અણસણ કરીયા. ૫

આજ પીછે ડુંગર ચડનેકી,
સુંસ કરૂં હું ઇણ વરીયા. ૬

સનમુખ ખોલ જોયો નહીં માકું,
ધ્યાન નિરંજન મન ધરીયા. ૭

કાજ સરે ઉદયરત્ન ઉનહિ કે,
જીણે પલકમેં શિવ વરીયા. ૮